MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના : એક અભ્યાસ આંકડાકીય વિશ્લેષણ

**Rathod Jayshree Vajabhai**
PhD Scholar
Bhakta Kavi Narsinh Mehta University – Junagadh
**Guide : Dr. Jivabhai S. Vala**

**સારાંશ :**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના પીએમ કિસાન ભારત સરકાર દ્વારા ખેડૂતોને ન્યૂનતમ આવક સહાય પૂરી પાડવા માટે શરૂ કરાયેલ એક મહત્વપૂર્ણ કૃષિ કલ્યાણ યોજના છે. જેમાં પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજનામાં 2018-19 થી 2024-25 સુધીની આંકડાકીય માહિતી દ્વારા પ્રસ્તુત સંશોધન પત્ર રજૂ કરવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દો :**

*પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના, લાભાર્થીઓની સંખ્યા, ફાળવેલ ભંડોળ*

**પ્રસ્તાવના :**

ભારતનું કૃષિ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં મોસમી અનિશ્ચિતતા, ભાવ અસ્થિરતા અને વધતા ઉત્પાદન ખર્ચ જેવી સમસ્યાઓનો સામનો કરે છે. ભારત અને ગુજરાત રાજ્યમાં પણ મોટાભાગના ખેડૂત નાના અને સીમાંત વર્ગના છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતોને ન્યૂનતમ આવક આધાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારે 24 ફેબ્રુઆરી 2019 મા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી.

**યોજનાનો પરિચય :**

PM - KISAN યોજના હેઠળ પાત્ર ખેડૂત પરિવારને દર 4 મહિને રૂ. 2000 /- ના ત્રણ સમાન હપ્તામાં વાર્ષિક રૂ. 6,000 /- ની સહાય DBT (Direct Benefit Transfer) પદ્ધતિ દ્વારા સીધી બેન્ક ખાતામાં આપવામાં આવે છે આ યોજના જમીન ધારક ખેડૂતોને આવરી લે છે અને કૃષિ ખર્ચ માટે તાત્કાલિક નાણાકીય સહાય પૂરી પાડે છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા :**

1. **જોશી મિસારી હેમંતભાઈ 2021, પીએમ કિસાન યોજના**

   ભારતમાં કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રો આજીવિકાનો સૌથી મોટો સ્રોત છે દેશમાં આશરે 70% ગ્રામીણ પરિવારો પોતાની આજીવિકા માટે મુખ્યત્વે કૃષિ પર આધારિત છે અને લગભગ 86% ખેડૂતો નાના તથા સીમાંત શ્રેણીમાં આવે છે. ખેડૂત પરિવારોની આવક વધારવા અને તેને ટકાવી રાખવા

માટે નવી ટેકનોલોજી અપનાવી અને અપનાવી એક આશાસ્પદ અભિગમ ગણાય છે. પરંતુ માહિતીનો અભાવ તથા ધિરાણની અછત ટેકનોલોજી અપનાવવામાં મુખ્ય અવરોધ રૂપો બને છે આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વતંત્રતા બાદ થી ભારત સરકારે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા તથા ખેડૂતોને આવક અને આર્થિક સ્થિતિ સુધારવા માટે અનેક પગલાં લીધા છે. આ પરિસ્થિતિના પરિણામે ભારત સરકાર દ્વારા ડિસેમ્બર 2018 માં પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ યોજના પીએમ કિસાન ની શરૂઆત કરી પીએમ કિસાન યોજના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળ અમલમાં મુકાયેલ એક કેન્દ્રીય ક્ષેત્રની મહત્વપૂર્ણ યોજના છે આ યોજના ડિસેમ્બર 2018 માં શરૂ કરવામાં આવી હતી અને ફેબ્રુઆરી 2019 થી અસરકારક રીતે અમલમાં આવી આ યોજના હેઠળ પાત્ર નાના અને સીમાંત ખેડૂતોને દર વર્ષે કુલ રૂ. 6,000 ની આર્થિક સહાય આપવામાં આવે છે જે 2000ના ત્રણ સમાન હપ્તા માં દર ચાર મહિને આધાર સાથે જોડાયેલા બેંક ખાતામાં સીધી રીતે ટ્રાન્સફર કરવામાં આવે છે શરૂઆતમાં આ યોજનાનાને સીમંત ખેડૂતો માટે અમલમાં મુકાઈ હતી પરંતુ 2019-20 દરમિયાન તેનો વિસ્તાર તમામ ખેડૂતો સુધી કરવામાં આવ્યો પરિણામે સમગ્ર ભારતમાં 14.50 કરોડ જેટલા ખેડૂતોની આ યોજનાનો લાભ મળ્યો છે ગુજરાત રાજ્યમાં વર્ષ 2020-21 દરમિયાન 62,91,527 ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો લાભ પ્રાપ્ત થયો હતો.

2. **પી. જગદેશ્વરન, કે. આર. અશોક, એ વિદ્યાવતી અને એમ. પ્રહ્દેશ્વરન**
**ભારતના તમિલનાડુમાં ખેડૂતોમાં પાક ઉપજ અને આવક પર પીએમ કિસાન યોજનાની અસર**

કૃષિ સબસીડી અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(DBT)ને નાના અને સીમાંત ખેડૂતોની આવક વધારવા તથા આધુનિક કૃષિ ટેકનોલોજી અપનાવવાની પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ નીતિગત સાધનો તરીકે રજૂ કરવામાં આવ્યા છે આ અભ્યાસ માટે લાભાર્થી અને બિન લાભાર્થી એવા કુલ 3 360 ખેડૂત પરિવારો પાસેથી માહિતી એકત્રી કરવામાં આવી હતી અને અસરમાં અંદાજ માટે પ્રોપેન્સિટી સ્કોર મેચિંગ (PSM) પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અભ્યાસના તારણો મુજબ PM-KISAN સહાયનો સૌથી વધુ ઉપયોગો પાક ઉત્પાદનમાં (55.60%) થયો હતો. જેના પરિણામે બિન લાભાર્થી ખેડૂતોની સરખામણીમાં ડાંગરની ખેતીમાંથી પ્રતિ હેક્ટર રૂ. 4,831 જેટલી વધારાની આવક પ્રાપ્ત થઈ હતી. ઉપરાંત જમીન રેકોર્ડની જટિલતા e-KYC નોંધણી પ્રક્રિયા અંગે જ્ઞાનનો અભાવ અને ઋણ સુવિધાઓની મર્યાદિત ઉપલબ્ધતા જેવી સમસ્યાઓ યોજનામાં ભાગીદારોને અસર કરતા મુખ્ય અવરોધો તરીકે ઓળખવામાં આવી હતી. અભ્યાસના સૂચવવામાં આવ્યું છે કે જમીન રેકોર્ડ સંબંધિત સમસ્યાનો નિવારણ e-KYC પ્રક્રિયામાં સરળતા તથા પોસ્ટ ઓફિસને સરનામા ચકાસણી અને નાણાં ટ્રાન્સફરની સુવિધા ઉપલબ્ધ

કરાવવામાં આવે તો લાભાર્થીઓની સંખ્યામાં વધારો શક્ય બને છે. આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે પીએમ કિસાન યોજના નાના અને સીમાંત ખેડૂતોની ખેતી આવક વધારવામાં નોંધપાત્ર રીતે અસરકારક સાબિત થઈ છે.

**સંશોધન હેતુઓ :**

1. ભારત અને ગુજરાતમાં યોજના ના અમલની સ્થિતિનું મૂલ્યાંકન કરવું.
2. ખેડૂતોની કૃષિ આવક પર યોજનાની અસરોનું વિશ્લેષણ કરવું.
3. વર્ષ 2018-19 થી 2024-25 સુધીમાં ભારતમાં હપ્તા અવધિ મુજબ લાભાર્થીઓની સંખ્યા અને ફાડવેલ ભંડોળનો અભ્યાસ કરવો.
4. વર્ષ 2018-19 થી 2021-22 દરમિયાન ગુજરાતના લાભાર્થીઓની સંખ્યા અને ફાળવેલ ભંડોળનો અભ્યાસ કરવો.

**માહિતી એકત્રીકરણ :**

સંશોધનનો આધાર માહિતી પર રહેલો છે. માહિતી એકત્રીકરણ બે પ્રકારે કરવામાં આવે છે. 1) પ્રાથમિક માહિતી 2) ગૌણ માહિતી. પ્રસ્તુત સંશોધન પત્રમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની માહિતી મેળવવા માટે વિવિધ વેબસાઈટ, ગ્રંથાલય અને દસ્તાવેજ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**પૃથક્કરણ અને અર્થઘટન :**

PM-KISAN યોજના કેન્દ્ર સરકાર દ્વારા વિતરણ થતી કુલ રકમમાં વર્ષવાર વધારો નોંધાયો છે. 2019 માં આશરે રૂ. 37,000 કરોડ ફંડ વિતરણ થઈ હતું, જ્યારે 2024 માં આ રકમ લગભગ 36,000 કરોડ સુધી પહોંચી છે.

દર વર્ષે ખેડૂતોને ત્રણ હપ્તામા રૂ. 6,000 ની સહાય આપવામાં આવે છે દરેક ઇન્સ્ટોલમેન્ટ દરમિયાન 8 થી 10 કરોડ ખેડૂતોને 18,000 થી 23,000 કરોડ જેટલી રકમ વિતરણ થાય છે.

PM-KISAN યોજનાથી ખેડૂતોની ટૂંકા ગાળાની આવકમાં સુધારો થયો છે ખેતી ખર્ચ માટે સમયસર નાણા મળતા અનૌપચારિક દેવા પર આધાર ઘટ્યો છે. અને કૃષિ ઉત્પાદન પ્રક્રિયામાં સકારાત્મક અસર જોવા મળે છે.

**કોષ્ટક : 1**

**ભારતમાં પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ હપ્તા અવધી મુજબ લાભાર્થીઓની સંખ્યા અને ફાળવેલ ભંડોળ**

| # | Instalment Period | No. of Beneficiaries | Amount transferred (in RS cr.) |
|---|---|---|---|
| 1st | F.Y. 2018-19(Dec-Mar) | 3,16,19,875 | 6,323.98 |
| 2nd | F.Y. 2019-20 (Apr-Jul) | 6,00,34,451 | 13,271.93 |
| 3rd | F.Y. 2019-20 (Aug-Nov) | 7,65,99,700 | 17,526.86 |
| 4th | F.Y. 2019-20(Dec-Mar) | 8,20,90,050 | 17,942.66 |
| 5th | F.Y. 2020-21 (Apr-Jul) | 9,26,93,619 | 20,989.37 |
| 6th | F.Y. 2020-21 ( Aug-Nov) | 9,72,25,907 | 20,475.94 |
| 7th | F.Y. 2020-21 (Dec-Mar) | 9,84,73,258 | 20,474.54 |
| 8th | F.Y. 2021-22 (Apr-Jul) | 9,99,10,512 | 22,413.21 |
| 9th | F.Y. 2021-22 (Aug-Nov) | 10,34,41,240 | 22,394.51 |
| 10th | F.Y. 2021-22 (Dec-Mar) | 10,41,66,702 | 22,342.93 |
| 11th | F.Y. 2022-23 (Apr-Jul) | 10,48,38,981 | 22,616.31 |
| 12th | F.Y. 2022-23 (Aug-Nov) | 8,57,30,450 | 18,039.80 |
| 13th | F.Y. 2022-23 (Dec-Mar) | 8,12,34,379 | 17,649.42 |
| 14th | F.Y. 2023-24 (Apr-Jul) | 8,56,76,569 | 19,202.49 |
| 15th | F Y. 2023-24 (Aug-Nov) | 8,12,16,250 | 19,596.60 |
| 16th | F.Y. 2023-24 (Dec-Mar) | 9,04,27,479 | 23,087.44 |
| 17th | F.Y. 2024-25 (Apr-Jul) | 9,37,67,395 | 21,029.96 |
| 18th | F.Y. 2024-25 (Aug-Nov) | 9,58,97,635 | 20,657.36 |
| Total | | | 3,46,035.32 |

Soucre : Department of Agriculture & Farmers welfare (Annual report 2024 – 25)

- ઉપરોક્ત કોષ્ટકમાં વર્ષ 2018-19 થી 2024 25 સુધીમાં ભારતમાં હપ્તા અવધિ મુજબ લાભાર્થીઓની સંખ્યા અને ફાડવેલ ભંડોળની માહિતી દર્શાવવામાં આવી છે તથા દર વર્ષે દરમ્યાન તેમાં વધારો ઘટાડો થયો છે તે દર્શાવે છે.
- ઉપરોક્ત કોષ્ટકમાં અભ્યાસ કરતા જણાય છે કે વર્ષ 2018-19 (Dec-Mar) માં પીએમ કિસાન યોજના હેઠળ ભારતમાં લાભાર્થી ની સંખ્યા 3,16,19,875 છે જે સૌથી ઓછી હતી. અને તેને ફાળવેલ ભંડોળ 6,323.38 કરોડ હતો તે સૌથી ઓછુ છે.
- ઉપરયુક્ત કોષ્ટકમાં અભ્યાસ કરતા જણાય છે કે વર્ષ 20223 (Apr-Jul)માં ભારતમાં યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા 10,48,8981 હતી જે સૌથી વધુ છે.
- ઉપરયુક્ત કોષ્ટકમાં અભ્યાસ કરતા જણાય છે કે વર્ષ 2023-24 (Dec-Mar) માં ભાગમાં પીએમ કિસાન યોજના હેઠળ ફાળવેલ ભંડોળ 23,087.44 કરોડ છે જે બાકીના વર્ષો કરતાં સૌથી વધુ છે.

**કોષ્ટક : 2**

**ગુજરાતમાં પીએમ કિસાન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા અને જુદા જુદા વર્ષમાં ફાળવેલ ભંડોળ**

| Years | No. of Beneficiaries | Amount of allocated fund |
|---|---|---|
| 2018-19 | 64,91,371 | 28,58,488 |
| 2019-20 | 64,91,371 | 50,22,065 |
| 2020-21 | 64,91,871 | 54,37,165 |
| 2021-22 | 66,21,523 | 62,53,768 |

Source: Agriculture Situation in India, 2018-19, 2019-20, 2020-21, 2021-22

- ગુજરાતમાં વર્ષ 2018-19 થી 2021-22 દરમિયાન ઉપરોક્ત કોષ્ટકમાં પીએમ કિસાન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા અને ફાળવેલ ભંડોની માહિતી દર્શાવવામાં આવી છે.
- કોષ્ટકમાં અભ્યાસ કરતા જણાય છે કે વર્ષ 2018-19 થી 2020-21 માં ગુજરાતમાં પીએમ કિસાન યોજના હેઠળ લાભાર્થીની સંખ્યામાં 64,91,371 હતી તે વધીને વર્ષ 2021-22 માં 66,21,523 થઈ હતી.
- ઉપરોક્ત કોષ્ટકમાં અભ્યાસ કરતા જાણે છે કે વર્ષ 2018-19 માં ફાળવેલ ભંડોળ 28,58,488 હતું તે વધીને વર્ષ 2021-22 માં 62,53,768 વધારો થયેલો જોવા મળે છે.

**સંશોધના તારણો :**

- અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે પીએમ કિસાન યોજના ભારત-ગુજરાતમા ખેડૂતો માટે ઉપયોગી સાબિત થઈ છે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો માટે આ યોજના નાણાકીય સુરક્ષાનું સાધન બની છે તેમ છતાં લાંબા ગાળાના આવક વૃદ્ધિ માટે પૂરક નીતિઓ જરૂરી છે.
- ભારત-ગુજરાતમાં પીએમ કિસાન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા અને ફાળવેલ ભંડોળમાં આંકડાકીય માહિતી વધારો -ઘટાડો થતો જોવા મળે છે.

**સૂચનો :**

- સહાય રકમમાં સમયાંતરે વધારો કરવો .
- જમીન રેકોર્ડ અને e-kyc પ્રક્રિયા સરળ બનાવી.
- રાજ્યની કૃષિ યોજનાઓ સાથે વધુ સંકલન કરવું.
- યોજનાની માહિતી ગ્રામીણ સ્તરે વ્યાપક રીતે ફેલાવવી.

## નિષ્કર્ષ :

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના ભારત ગુજરાત રાજ્યના કૃષિ ક્ષેત્રમાં આવક સુરક્ષા માટે મહત્વનું પગલું છે. યોગ્ય અમલ પારદર્શિતા અને સુધારાઓ દ્વારા આ યોજના ખેડૂતોના આર્થિક વિકાસમાં વધુ અસરકારક બની શકે છે.

## સંદર્ભ સૂચિ :

Thesis :

- DEVELOPMENT OF SCALE TO MEASURE THE ATTITUDE OF FARMERS TOWARDS PM KISAN SCHEME (2021)
  Joshi Misari Hemantbhai

Research Paper :

- P Jagadeshwaran, KR Ashok, A Vidhyavathi, M Prahadeeswaran
  Agricultural Economics Research Review volume 37 Issue (2), Page no. 237-247, year 2024

વેબસાઈટ :

https://pmkisan.gov.in

Certificate No.:03062025021


MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Rathod Jayshree Vajabhai**

In recognition of the publication of the paper entitled

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના : એક અભ્યાસ આંકડાકીય વિશ્લેષણ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**

Certificate No.:03062025021

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

this certificate to

**Dr. Jivabhai S. Vala**

In recognition of the publication of the paper entitled

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના : એક અભ્યાસ આંકડાકીય વિશ્લેષણ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**